|| कृष्णस्तु भगवान स्वयम् ||

લેખાંક-૪૪

# પૂતનાનો નંદ હવેલીમાં પ્રવેશ

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલા સમજવા માટે ખૂબ જ જરૂરી એવા શ્રીમદ ભાગવતના દશમા સ્કંધનું અનેરું મહત્ત્વ સમજ્યા પછી હવે અગાઉના લેખાંક-૪૦માં આપણે જ્યાંથી અટક્યા હતા ત્યાંથી ફરી શરૂ કરીએ. નંદબાવા મથુરાથી કંસનો વેરો ચૂકવીને પાછા ફર્યા. નંદના આવવાની ખબર સાંભળી વ્રજવાસીઓ પ્રીતિપૂર્વક સામૈયું કરી તેમને ગામમાં તેડી લાવ્યા. ગામમાં આવી નંદજી, વસુદેવજીની સલાહ પ્રમાણે બાળકોના વધુ રક્ષણ માટે બંદોબસ્ત કરવામાં લાગી ગયા અને સિપાહીઓને વધુ ચોક્કસ રહેવાની સૂચના આપવા માંડ્યા.

મહાબલ ભટ્ટની ઠોક-પીટ પછી કંસ દ્વારા તેના શત્રુના સંહાર માટે અનેક પ્રયત્નો થવા માંડ્યા. જેમાં બાળકોની હિંસા કરવાના કામ માટે નિમણૂક પામેલી ‘પૂતના’, કે જે એક રાક્ષસી હતી અને નાનાં નાનાં બાળકોને અત્યંત સહેલાઈથી મારી નાખવાની કળા જાણતી હતી, તે શહેરોમાં અને ગામડાંઓમાં બાળકોને શોધતી શોધતી નંદના ગોકુળ સુધી આવી પહોંચી. અગાઉના જન્મમાં આ સ્ત્રી બલિરાજાની પુત્રી ‘રત્નમાલા’ હતી. એ જન્મમાં જયારે વામન ભગવાને બલિરાજા પાસેથી પૃથ્વી લઈ લીધી ત્યારે યજ્ઞશાળામાં ‘વામન ભગવાન’ને જોઈને તેના હૃદયમાં મોહ જાગ્યો હતો. તે મનમાં કામના કરવા લાગી હતી કે જો મને આવું બાળક થાય અને હું તેને ‘સ્તનપાન’ કરાવું તો મને આનંદ થશે. વામન ભગવાને પોતાના ભક્ત બલિરાજાની પુત્રીની આ ઈચ્છાનું અનુમોદન કર્યું પરંતુ દુર્વાષામુનિના શ્રાપને કારણે આ જન્મમાં તે રાક્ષસી સ્વરૂપે ‘પૂતના’ થઈ.

‘પૂતના’ શબ્દનો થોડો વિચાર કરીએ તો ‘પૂત’ શબ્દનો અર્થ થાય છે ‘પવિત્ર’ અને ‘ના’નો અર્થ ‘નહિ’ માટે સામાન્ય અર્થમાં એવું સમજવું જોઈએ કે ‘જે પવિત્ર નથી તેનું નામ જ પૂતના’ છે. એવો સવાલ મનમાં થાય કે શું પવિત્ર નથી? તો તેનો તાત્ત્વિક જવાબ છે કે ‘અજ્ઞાન’ અથવા ‘અવિદ્યા’ એ



પવિત્ર નથી. (અવિદ્યા પૂતના પ્રોક્તા) અને આ અજ્ઞાન અથવા અવિદ્યા એટલે જ પૂતના. ‘જ્ઞાન’ એટલે ‘આત્મજ્ઞાન’.

એટલે કે હું મારા શરીરથી ભિન્ન છું તેવી સમજ. ‘હું શરીર છું અને શરીરનું સુખ એ મારું સુખ છે તેવું સમજવું તે અજ્ઞાન’. આ અજ્ઞાનમાંથી જ વાસના જાગે છે એટલે ‘પૂતના એ વાસનાનું સ્વરૂપ છે’ એમ પણ કહી શકાય.

આ પૂતના આવી તે દિવસે ચૌદસ હતી. પૂતના ચૌદસના દિવસે જ કેમ આવી એના કારણમાં એવો મત છે કે વાસના અને કામ જેવી અવિદ્યા અને અજ્ઞાન ચૌદ જગ્યાએ રહે છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. આ ચૌદ જગ્યા પર હંમેશાં કામનો અથવા વાસનાનો કબજો રહે છે. આથી તેમાં પવિત્રતા જળવાતી નથી. પૂતના દરેક ઈન્દ્રિયોમાં રહેલી છે અને જીવને હંમેશાં ત્રાસ આપે છે. ધર્મ વિરુદ્ધ, નીતિ વિરુદ્ધ જઈને ઈન્દ્રિયો જયારે વિષયોમાં દોડે ત્યારે એમ સમજવું કે ઈન્દ્રિયોમાં પૂતનાનું સામ્રાજ્ય છે. વળી પૂતના ચૌદસના દિવસે આવી તેનો અર્થ એ પણ થાય કે શ્રીબાળકૃષ્ણ તે દિવસે છ દિવસના થયા હતા. ‘શ્રીબાળકૃષ્ણનું છઠ્ઠા દિવસનું આ સ્વરૂપ સુરતમાં આવેલા મોટામંદિર હવેલીમાં બિરાજમાન છે તેવી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની સમજ છે’.

અહીં પૂતના વાસ્તવમાં એક ડાયણનું સ્વરૂપ હતું કે જે આકાશમાં પણ ઊડી શકતી હતી. જેને ભાગવતમાં ‘ખેચરી’ નામથી સંબોધી છે. તેણે અહીં આવી તરત ઉત્તમ સ્ત્રીનું રૂપ લઈ લીધું. ચોટલામાં ગુંથેલા કોમળ પુષ્પોની સુગંધથી રસ્તાઓને સુગંધમય કરી મૂકતી, મોટા નિતંબના ભારથી કમરના ભાગથી લચકાઈ જતી, ઉત્તમ વસ્ત્રોવાળી, કાનમાં પહેરેલાં આભૂષણો અને ચમકતા ચોટલાથી પ્રભાવિત દેખાતી, મંદ હાસ્યથી અને કટાક્ષોરૂપી ચાળાઓથી વ્રજવાસીઓના અંતઃકરણનું હરણ કરતી, ગોકુળમાં પ્રવેશી.

અપ્સરા- રંભા જેવા એના સુંદર દેખાવને કારણે તે ખૂબ ઊંચા ખાનદાનની લાગી રહી હતી. આ કારણે સિપાહીઓ અને અન્ય પુરુષોએ કોઈ પણ પૂછપરછ કરી નહિ કે તેની અટકાયત પણ કરી નહિ. યશોદાજી અને ગોપીઓએ પણ વિચાર્યું કે હાથમાં કમળપુષ્પ ધારણ કરેલા આ સાક્ષાત લક્ષ્મીજી છે. આ રીતે પૂતનાએ નંદની હવેલીમાં પ્રવેશ કર્યો. જેવો હવેલીમાં પ્રવેશ કર્યો કે તેને જોઈને નંદપુત્ર શ્રીકૃષ્ણે નેત્રો બંધ કરી દીધાં. પૂતનાને જોઈને ભગવાન બાળકૃષ્ણે પોતાના નેત્રો શા માટે બંધ કરી દીધાં તેના કારણ માટે ઘણાં મંતવ્યો છે. કેટલાક વિવેચકોના મત અનુસાર શ્રીકૃષ્ણે એટલા માટે આંખો બંધ કરી દીધી કે પૂતના અનેક બાળકોના વધ કરીને હવે તેના પ્રાણ લેવાની ઈચ્છાથી અહીં આવી છે માટે તેઓ તે ‘અપવિત્ર’ પૂતનાનું મ્હો જોવા નહોતા માંગતા. અન્ય વિવેચકોનું માનવું છે કે પૂતનાએ જયારે ભગવાનને જોયા ત્યારે પોતાની


**‘પૂતના’ શબ્દનો થોડો વિચાર કરીએ તો ‘પૂત’ શબ્દનો અર્થ થાય છે ‘પવિત્ર’ અને ‘ના’નો અર્થ ‘નહિ’ માટે સામાન્ય અર્થમાં એવું સમજવું જોઈએ કે ‘જે પવિત્ર નથી તેનું નામ જ પૂતના’ છે**

અંદર ઉઠેલી કોઈ ‘અલૌકિક ભાવના’ના નિર્દેશ પર આ બાળક (શ્રીકૃષ્ણ)ને ગોદમાં લેવાથી અચકાઈ રહી હતી. બીજા કેટલાક વિવેચકો આ ઘટનાને એ રીતે સમજાવે છે કે શ્રીમદ ભાગવત ગીતા અનુસાર “પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ” પ્રમાણે શ્રીકૃષ્ણનો જન્મ અસુરોના વધ માટે અને ભક્તોની રક્ષા માટે થયો હતો.

અહીંથી તેમની લીલા અને તેમનું પૃથ્વી પર અવતરણ કરવા માટેનું ધ્યેય શરૂ થવાનું હતું પરંતુ અહીં તો પહેલા અસુર તરીકે એક સ્ત્રી હતી. વૈદિક નિયમો અનુસાર સ્ત્રી, બાળક, બ્રાહ્મણ, ગાય વગેરેની હત્યા વર્જ્ય છે પરંતુ અહીં તેમણે પૂતનાનો વધ કરવો જ પડે તેવું હતું અને તે શાસ્ત્રોથી વિરુદ્ધ હતું માટે તેમણે આંખો બંધ કરી દીધી. બીજા કેટલાંક મંતવ્યોનો આનંદ લઈશું આવતા લેખમાં. (ક્રમશઃ)

---

# ક્ષમા-નાતાલનો સંદેશ



જન્મથી કોઈ મનુષ્ય સારો કે ખરાબ હોતો નથી પરંતુ એનું ઘડતર કઈ રીતે થયું છે તેના ઉપર એની જિંદગીનો મદાર રહે છે. - ઈશુ ખ્રિસ્ત

૨૫મી ડિસેમ્બરને ક્રિસમસ કે નાતાલ તરીકે ઓળખવામાં આવે છે. નાતાલ ખ્રિસ્તી લોકોનો મોટો તહેવાર છે. આજના દિવસે ખ્રિસ્તી લોકો નવાં વસ્ત્રો તથા અલંકારોથી શણગાર કરે છે. ઘરને સજાવે છે, આંગણાંમાં રંગોલી પૂરે છે તથા રાત્રે પોતાના ઘરોમાં રોશની તથા રંગીન તારા વિગેરેથી સજાવટ કરે છે.

ખ્રિસ્તી ધર્મના આદ્યસ્થાપક ઈશુ ખ્રિસ્તના માનમાં નાતાલનો તહેવાર મનાવવામાં આવે છે. ૨૫મી ડિસેમ્બરના રોજ જેરૂસલેમના બેથલેહેમ ગામમાં એક ગમાણમાં માતા મેરીની કૂખે ઈશુ ખ્રિસ્તનો જન્મ થયો હતો. એવું કહેવાય છે કે ઈશુ જન્મ્યાં તે વખતે ગમાણમાં દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો હતો અને તેથી જ ખ્રિસ્તી લોકો પ્રકાશ તથા રોશનીને વધારે પ્રાધાન્ય આપે છે. ઈશુ ખ્રિસ્તના પિતાનું નામ જોસેફ હતું જન્મથી જ ઈશુ દિવ્ય અને અલૌકિક શક્તિઓ ધરાવતા હતા. લોકો તેમને ઈશુ, યશુ, જીસસ કાઈસ્ટ, કે ઈસા મસીહના નામે પણ ઓળખે છે. તેમણે બાઈબલ નામના પવિત્ર ગ્રંથની રચના કરી હતી.

બાઈબલ મૂળ તો હિબ્રુ ભાષામાં લખાયું હતું, પરંતુ ધીમે ધીમે દુનિયાની તમામ ભાષાઓમાં બાઈબલનો તરજુમો (અનુવાદ) થઈ ગયો છે, તેથી હર એક વ્યક્તિ પવિત્ર બાઈબલનું પઠન કરી શકે. નાતાલનો સંદેશો ક્ષમા સાથે સંકળાયેલો છે. કોઈ માણસનો અપરાધ ક્ષમા કરવો એ બહુ મહાન વસ્તુ છે. ઈશુ ખ્રિસ્ત હંમેશા કહેતાં કે કોઈ વ્યક્તિથી જાણે અજાણે કોઈ ગુનો, અપરાધ કે ભૂલ થઈ ગઈ હોય અને જો તમે તેને દંડ કે શિક્ષા કરશો તો એ બેવડા ગુના કરશે, પરંતુ તેને ક્ષમા આપવામાં આવશે તો તેના અંતરાત્મા જાગશે અને તેને પશ્ચાતાપના ભાવ આવશે તે કરીથી તે ભૂલનું પુનરાવર્તન નહિ કરે.

ઈશુ ખ્રિસ્ત સાથે ઘણી બધી કથાઓ જોડાયેલી છે પરંતુ આજે આપણે નીચેની બોધકથા સમજીએ.

એક વખત એક ગામમાં એક નિરાધાર સ્ત્રીને ગ્રામજનો ભેગાં મળીને જાહેર રસ્તા વચ્ચે લાવી પથ્થરોથી મારતા હતા. તે સમયે ઈશુ ત્યાંથી પસાર થતા હતા, પેલી નિરાધાર બાઈ ઈશુને કરગરવા લાગી ‘‘મને બચાવો, આ લોકો મને પથ્થરો

**ઈશુ ખ્રિસ્ત હંમેશાં કહેતાં કે કોઈ વ્યક્તિથી જાણેઅજાણે કોઈ ગુનો, અપરાધ કે ભૂલ થઇ ગઇ હોય અને જો તમે તેને દંડ કે શિક્ષા કરશો તો એ બેવડા ગુના કરશે પરંતુ તેને ક્ષમા આપવામાં આવશે તો તેનો અંતરાત્મા જાગશે અને તેને પશ્ચાત્તાપના ભાવ આવશે તે કરીથી તે ભૂલનું પુનરાવર્તન નહિ કરે**

મારીને મારી નાંખશે.’’ ઈશુએ ગ્રામજનોને પૃચ્છા કરી કે શા માટે તમે લોકો ભેગાં મળીને આ બાઈને મારો છો? તેનો અપરાધ શો છે? ગ્રામજનો બોલ્યા કે આ સ્ત્રી કુલટા છે, હલકાં અને ભ્રષ્ટ ચારિત્યની છે, તે આ ગામમાં રહેવાને લાયક નથી.

ઈશુએ ગંભીર મુખમુદ્રા કરીને તમામ ગ્રામજનોને પૂછ્યું કે તમે કયારેય આ સ્ત્રી શા માટે આવું ગંદું કામ કરે છે તે વિશે જાણવાની તસ્દી લીધી છે ખરી? તમોએ ક્યારેય એને બે પૈસાની મદદ કરી છે ખરી? કઈ મજબૂરી એને આવું કામ કરવા પ્રેરિત કરે છે તેનો વિચાર સુધ્ધાં કર્યો છે ખરો?

તમોને તેને મારવાનો કે દંડ દેવાનો કોઈ અધિકાર બનતો નથી. બીજું તમો સૌ એમ જ સમજતાં હો કે આ સ્ત્રી દુરાચારિણી તથા પાપિણી છે તો તમારામાંનો એક માણસ મને એવો બતાવો કે જેણે પોતાના જીવનમાં એક પણ પાપ ન કર્યું હોય કે કોઈ પણ પ્રકારનો નાનો કે મોટો ગુનો ના કર્યો હોય. એ જ આ સ્ત્રીને પહેલો પથ્થર મારે. આ સાંભળી બધાં નતમસ્તક અને શરમિંદા થઈ ગયા. ઈશુ બોલ્યા પહેલાં આપણું મન સાફ કરો પછી બીજાનો ઈન્સાફ કરો. મહાન વ્યક્તિઓની આ મોટી ખાસિયત હોય છે કે તેઓ પોતાના ઉપદેશ થકી ઘણું બધું કહી જાય છે. સંત કબીરજી પણ પોતાના એક દોહામાં કહે છે બૂરા જો દેખને મેં ચલા બૂરા ન મીલ્યા કોઈ, જો દિલ ખોજા ખુદ કા તો પાયા મુજ સે બૂરા ન કોઈ. મતલબ કે આપણે કોઈની સામે અંગુલિનિર્દેશ કરીએ છીએ, પરંતુ આપણે એટલું જાણતા નથી કે બીજાની સામે ફક્ત એક જ આંગળી ચિંધાઈ છે જ્યારે પોતાની તરફ બાકીની આંગળિયો છે. બીજી વ્યક્તિને સલાહ સૂચન આપવું બહુ સહેલું છે. પરંતુ પોતે તેનો અમલ કરવો અઘરું છે.

ઈશુ ખ્રિસ્તના આવા માયાળુ સ્વભાવ તથા વિચારશરણીથી પ્રેરાઈને ધીમેધીમે લોકો બહોળા પ્રમાણમાં એમના અનુયાયીઓ બનવા લાગ્યા હતાં, તેથી રોમન સમ્રાટ બહુ ગુસ્સે ભરાયો હતો અને તેને તેનું શાસન ડોલતું લાગ્યું હતું. આથી તે રાજાએ ઈશુ ખ્રિસ્તના માથે કાંટાળો તાજ પહેરાવીને લાકડાના વધસ્તંભ પર ખીલા મારીને, માનવતા નેવે મૂકીને ભયંકર ક્રૂરતા આચરી હતી. આટલો બધો જુલ્મ સહેવા છતાં પણ ઈશુ હસતાં હસતાં વધસ્તંભ પર ચડી ગયા હતા અને પ્રભુને પ્રાર્થના કરી કે, હે પ્રભુ તું આ લોકોને કોઈ સજા કરીશ નહીં, તેઓને ક્ષમા આપજે, તે લોકો શું કરે છે તેનું તેમને ભાન નથી. આમ આવા અવતારી યુગપુરુષો પોતાના જ્ઞાન થકી લોકહૃદયે વસવાનું અને લોકોને સાચા રાહ પર લાવવાનું માધ્યમ બને છે. નાતાલના પર્વને યાદ કરીને આપણે પ્રભુ ઈશુનાં ચરણોમાં વંદન કરીએ.

-યોગેશભાઈ આર જોષી